ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૭ | ૧ ઓગસ્ટ ૨૦૧૫ | પાના-૮ | લવાજમ વાર્ષિક - રૂા.૧૦૦/-

## રાજવાણી - ''ભુલ''

કોઈ બાંધનાર નથી, પોતાની ભૂલથી બંધાય છે. કોઈપણ અલ્પ ભૂલ તારી સ્મૃતિમાંથી જતી નથી, એ મહાકલ્યાણ છે.

પ્રત્યેક કાર્ય કરતાં પોતાની ભૂલ ઉપર લક્ષ રાખવો. અપૂર્વ પોતાથી પોતાને પ્રાપ્ત થવું દુર્લભ છે; જેનાથી પ્રાપ્ત થાય છે તેનું સ્વરૂપ ઓળખાવું દુર્લભ છે, અને જીવને ભૂલવણી પણ એ જ છે. અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી તે પ્રાપ્તપણાને વિષે અમુક કાળ વ્યતીત થાય તો હાનિ નથી. માત્ર અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી તેને વિષે ભ્રાંતિ થાય, ભૂલ થાય તે હાનિ છે.

એવી કંઈ ભૂલ આ જીવની રહ્યા કરી છે કે જે ભૂલનું આટલા સુધી પરિણમવું થયું છે? આ પ્રકારે ફરી ફરી અત્યંત એકાગ્રપણે સદબોધનાં વર્ધમાન પરિણામે વિચારતાં વિચારતાં જે ભૂલ ભગવાને દીઠી છે તે જિનાગમમાં ઠામઠામ કહી છે; કે જે ભૂલ જાણીને તેથી રહિત મુમુક્ષુ જીવ થાય. જીવની ભૂલ જોતા તો અનંત વિશેષ લાગે છે, પણ સર્વભૂલની બીજભૂત ભૂલ તે જીવે પ્રથમમાં પ્રથમ વિચારવી ઘટે છે, કે જે ભૂલનો વિચાર કર્યેથી સર્વે ભૂલનો વિચાર થાય છે; અને જે ભૂલના મટવાથી સર્વે ભૂલ મટે છે. કોઈ જીવ કદાપિ નાના પ્રકારની ભૂલનો વિચાર કરી તે ભૂલથી છૂટવા ઈચ્છે તો તે પણ કર્તવ્ય છે, અને તેવી અનેક ભૂલથી છૂટવાની ઈચ્છા મૂળ ભૂલથી છુટવાનું સહેજે કારણ થાય છે.

જીવની મૂળ ભૂલ શું છે તે વિચારી વિચારી તેથી છૂટું થવું જોઈએ. ''મને શાથી બંધન થાય છે?'' તે કેમ ટળે એ વિચાર પ્રથમ કર્તવ્ય છે.

જ્યાં જ્યાં જીવ મારાપણું કરે છે ત્યાં ત્યાં તેની ભૂલ છે. તે ટાળવા સારું શાસ્ત્રો કહ્યાં છે.

આત્માપેક્ષાએ કણબી, વાણિયો, મુસલમાન નથી. તેનો જેને ભેદ મટી ગયો તે જ શુધ્ધ, ભેદ ભાસે તે જ અનાદિની ભૂલ છે.

દેહને વિષે હુંપણું મનાયેલું છે તેથી જીવની ભૂલ ભાંગતી નથી. જીવ દેહની સાથે ભળી જવાથી એમ માને છે કે, 'હું વાણિયો છું,' 'બ્રાહ્મણ છું' પણ શુધ્ધ વિચારે તો તેને ''શુધ્ધ સ્વરૂપમય છું'' એમ અનુભવ થાય. - **શ્રીમદ્ રાજચંદ્ર**

**ગુરુ થવાની ઈચ્છા ન કરો.**
**ગુરુમુખ થવાનો પ્રયત્ન કરો.**
**નામ-યશ આત્મોન્નતિ માટે અત્યંત વિઘ્નરૂપ છે.**
**-ઠાકુર અનુકૂલચંદ્ર**

## શ્રી રમણ મહર્ષિનો ઉપદેશ

**પ્ર: ભગવાન દીક્ષા આપે છે ખરા?**

ઉ: મૌન સૌથી શ્રેષ્ઠ અને સૌથી વધુ પ્રભાવશાલી દીક્ષા છે. શ્રી મહર્ષિ આવી દીક્ષા આપતા. સ્પર્શ દ્રષ્ટિ વગેરેથી આપવામાં આવતી દીક્ષા નીચલા સ્તરની છે. મૌન દીક્ષા બધાના હૃદયમાં પરિવર્તન લાવે છે. મૌન દીક્ષા પરિપૂર્ણ છે. એમાં જોવું, સ્પર્શવું અને ઉપદેશ આપવો એ બધાનો સમાવેશ થાય છે. એ શિષ્યને દરેક રીતે શુધ્ધ કરે છે અને તેને સત્યમાં પ્રતિષ્ઠિત કરે છે.

વાણી પોતાના વિચારોનું બીજામાં સંક્રમણ કરવાનું સાધન છે. વિચારો ઉત્પન્ન થયા પછી જ એને સેવા માટે બોલાવવામાં આવે છે. બીજા બધા વિચારો અહં વિચાર ઉત્પન્ન થયા પછી પ્રગટ થાય છે. તેથી અહં વિચાર બધા વાર્તાલાપોનું મુળ છે. જ્યારે મનુષ્ય નિર્વિચાર રહે છે, ત્યારે એ બીજાઓને મૌન રુપી વિશ્વભાષાથી સમજી જાય છે.

તારમાં વીજળીનો પ્રવાહ વહે છે એને અટકાવવામાં આવતા એ બતીના રૂપમાં પ્રકાશ આપે છે, અથવા પંખાના રૂપમાં હવા આપે છે. તારમાં વીજળી અવ્યકત શક્તિના રૂપમાં રહે છે. એ જ રીતે મૌન વાણીનો અવ્યક્ત, નિત્ય પ્રવાહ છે, જે શબ્દોથી અટકી જાય છે.

ઘણા વરસો સુધી ચાલે એવા વાર્તાલાપથી જે વાત સમજમાં ન આવે એ મૌનની એક ક્ષણમાં અથવા મૌન સમક્ષ સમજી શકાય છે. મૌન સર્વોચ્ચ અને સૌથી વધારે કાર્યક્ષમ વાણી છે.

જ્ઞાનીનો પ્રભાવ મૌનમાં ભક્તના હૃદયમાં પ્રવેશે છે અને મહાત્માનો સત્સંગ ભક્તને એની સાચી સતાનો અનુભવ કરાવવાની ક્ષમતા ધરાવે છે. મૌન ક્યારેય વિશ્રામ ન લેતી વાણી છે. મૌખિક વાણી મૌન વાણીને અટકાવી દે છે. મૌનમાં માણસ પોતાની ચોતરફના વાતાવરણ સાથે નિકટતમ સંપર્કમાં હોય છે. ''મૌન વ્યાખ્યા પ્રકટિ પર બ્રહ્મતત્વમ્'' નો અર્થ મૌન દ્વારા સત્યનું પ્રતિપાદન છે. મૌનને વ્યાખ્યાન કહ્યું છે. મૌન એટલું સમર્થ છે. મૌન વાણી વિચારથી પર છે. સંક્ષેપમાં મૌન પરાવાણી છે. અનુચ્ચારિત શબ્દ છે.

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ**
**કરો...શ્રીમદ્ રાજચંદ્ર**

# પ્રતીક્ષા

મારી પાટીના અક્ષર ભૂંસાય   કે રામ તમે આવોને,
મારા ફેરાનાં મીંડાં ઘૂંટાય   હે ! રામ તમે આવોને,
મારું હોવું અભરખાનું ઝાડ   કે રામ તમે આવોને,
મારી ફરતે અજંપાની વાડ   હે ! રામ તમે આવોને,
મારી છાતીમાં નોધારી ચીસ   કે રામ તમે આવોને,
મેં તો સાચવીને રાખી છે રીસ   હે ! રામ તમે આવોને,
મારી આંખે ઉજાગરાનું જાળું   કે રામ તમે આવોને,
હું તો આવ્યા ના ભણકારા પાળું   હે ! રામ તમે આવોને,
છેડો આતમમાં મલ્હારી રાગ   કે રામ તમે આવોને,
મારા ઈંધણમાં ચાંપો રે આગ   હે ! રામ તમે આવોને,
હવે જીવતર આ જૂના કથીર   કે રામ તમે આવોને,
મારી અંદરથી ખોવાણા પીર   હે ! રામ તમે આવોને.

**- મધુમતી મહેતા**

આ પાટી પર લખી રાખેલા અક્ષરોને વરસોના વરસો વીતી ગયા અને હવે તો ઝાંખા પડતા પડતા જાણે સાવ જ ભૂંસાઈ જવા બેઠા, રામ ! હવે તો આવો ! માત્ર વરસો જ નહીં પણ અનેક જન્મો આવીને સરવાળે મીંડું માર્ક્સ મેળવીને વ્યર્થ આવન-જાવનના ચક્રોમાં ફરતા રહે છે. તો રામ આમ હોય ! હવે તો આવો ! આ ભાવ આખા આ પ્રતીક્ષા ગીતમાં છવાઈ ગયો છે. તમને મળવાનો અભરખો છે અને નથી મળ્યાનો અજંપો-અગ્નિ, બન્ને એકી સાથે છે. મારા આ કથીરિયા સંસારમાંથી અંદરનો આતમ-પીર ખોવાઈ ગયો છે. માટે હે રામ ! હવે તો આતમનો મલ્હારી રાગ આલાપો અને આ જીવતરમાં જે ઈંધણું બની બેઠું છે એને બાળીને ખાક કરો.

ભલે, રામજીનું આગમન ન થયું હોય પણ 'તમે આવોને, તમે આવોને' નું રટણ નિરંતર રહેવું એ પણ નાની વાત નથી. રવીન્દ્રનાથ ઠાકુરનું એક ગીત યાદ આવે છે.

ના દો તો પ્રભુ ભલે ના દેશો દરશન તમારા
આ ને આ જન્મે મારા
મિલન હજુ નથી થયું તમારુ એના ભણકારા
રહેજો અંતરમાં મારા

મિલન હજુ થયું નથી. રામ તમે આવ્યા નથી. ભણકારા અંદર સંભળાતા રહે તો એ મિલન સ્વયં એક અવસર બનીને આંગણે આવી મળશે.-**અરૂણ ભટ્ટ, ૭૩ રાજસ્થંભ સોસાયટી, વડોદરા-૩૯૦૦૦૧.**

## આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી અને રમણ મહર્ષિ ઉપદેશ - | ૧ |
| પ્રતીક્ષા - અરૂણ ભટ્ટ - | ૨ |
| આપવું એટલે ઋણમુક્ત થવું - શાંતીલાલ ગઢિયા - | ૨ |
| ગોવિજ્ઞાન ભારતી-ગોપુરમ્ માટે અપીલ - તંત્રી | ૩ |
| જર્સી ગાયનું દુધ - સર્વનાશ તરફ પ્રયાણ - | ૪ |
| રાષ્ટ્રિય અહિંસા મંચ સંમેલન - | ૫ |
| શેલકેગાવ - વીરાણી સ્કુલમાં સૌર ઉર્જા - | ૬ |
| વૈશ્વિક હાઈલાઈટસ-મહિલા માંગે છે દારૂબંધી-ડાયરી બોલે છે - | ૭ |
| સદ્ભાવના હશે તો સત્કર્મ થશે - ભદ્રાયુ વચ્છરાજાની - | ૮ |


# 'આપવું' એટલે 'ઋણમુક્ત થવું'

કોઈ પણ વ્યક્તિ જ્યાં જે સ્થાન પર આજે પહોંચી છે-ઑફિસર, અધ્યાપક, ઉદ્યોગપતિ, મેનેજર - તે સમાજને આભારી છે. અલબત્ત વ્યક્તિની ક્ષમતા આવશ્યક પરિબળ છે, પરંતુ સામાજિક પરિસ્થિતિ અનુકૂળ ન હોય અને સમાજ એની પડખે ઊભો ન રહે તો વ્યક્તિની ક્ષમતા વ્યર્થ જાય છે. સમાજની આંગળી પકડી વ્યક્તિ વિકાસના પંથે આગળ વધે છે. તેથી વ્યક્તિએ પોતાના જીવન દરમિયાન સમાજનું ઋણ ફેડવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. સામાજિક ઉત્તરદાયિત્વ નૈતિક કર્તવ્યનું અભિન્ન અંગ છે. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ કેનેડીનું એક વિધાન બહુ સૂચક છે.-

'રાષ્ટ્ર તમારા માટે શું કરી શકે એવી અપેક્ષા
ન રાખો. તમે રાષ્ટ્ર માટે શું કરી શકો એનો વિચાર કરો.'

લેવું અને આપવું, બે માનવીય પ્રવૃત્તિઓમાં ઉત્તમ કઈ ? 'લેવું ભૌતિક સુખ આપે છે, 'આપવું' આંતરિક પ્રસન્નતા. એ ખોટો ખ્યાલ છે કે લેવાથી સંપન્ન થવાય અને આપવાથી વિપન્ન. સાંપ્રત સમાજની વિડંબના છે કે પ્રસન્નતાના ભોગે ક્ષણિક સુખ પાછળ વ્યક્તિ દોડી રહી છે. જ્યાંથી જેટલું ઉસરડી શકાય, એટલું ઉસરડી લેવું, એના ઢગ પર બેસવું અને અંતકાળે બધું ત્યાં જ મૂકી પરમધામે પહોંચી જવું, આવી ઘટમાળ એ તે કાંઈ જીવન છે ?

સ્વસ્થ સમાજ ત્યારે જ સંભવે જ્યારે Haves અને Haves not એવા બે વર્ગો સંપૂર્ણ રીતે નાબૂદ થાય. પ્રખર અર્થશાસ્ત્રી અને ચિંતક કાર્લ માર્ક્સ કહેતા કે Haves અઢળક સંપત્તિના બળે Haves not પર આધિપત્ય જમાવે ત્યારે એક સ્થિતિ એવી આવે છે કે Haves not નો અસંતોષ આક્રોશરૂપે અગ્નિની જેમ ભભૂકી ઊઠે છે અને ક્રાંતિના મંડાણ થાય છે.

બૃહદ્ આરણ્યક ઉપનિષદમાં દમન, દાન અને દયાની કથા આવે છે. બ્રહ્મા પાસે ઉપદેશ લેવા દેવો, માનવો અને દાનવો આવ્યા. બ્રહ્માએ ત્રણે સમૂહોને એક જ અક્ષરમાં ઉપદેશ આપ્યો, 'દ'. થોડી વાર મૌન રહ્યા પછી બ્રહ્માએ પૂછ્યું, 'આનો અર્થ સમજ્યા ?' દેવો એ કહ્યું, 'દ' એટલે દમન કરો, ઈન્દ્રિયો પર અંકુશ રાખો. બ્રહ્માએ કહ્યું, 'બરાબર છે.' માનવોએ 'દ' નો અર્થ 'દાન કરો' એવો કર્યો. એટલે કે માનવે લોભ અને પરિગ્રહવૃત્તિ છોડી પોતાની પાસે રહેલી સંપત્તિનું સમાજકલ્યાણ માટે દાન કરવું જોઈએ. અસુરોએ કહ્યું કે અમારા માટે 'દ' એટલે દયા કરો. અસુરો સ્વભાવે ક્રોધી અને હિંસક હોઈ તેમને દયાળુ બનવાનો બોધ હતો.

મનુષ્યના સંદર્ભમાં ઉપરની કથાનો મર્મ પકડતાં દાનનો મહિમા સ્પષ્ટ થાય છે. 'દાન' નો અર્થ કેવળ સંપત્તિદાન, અન્નદાન કે વસ્ત્રદાન એવો નથી. બ્રહ્મા दत्त इति એમ બોલ્યા હતા. એટલે 'દાન' નો વ્યાપક અર્થ લેવાનો છે. શ્રમદાન, સમયદાન, પ્રેમદાન, જ્ઞાનદાન, કરુણાદાન, એમ તમામ પ્રકારનાં દાન એમાં આવી જાય. કોઈને યથાશક્તિ મદદરૂપ થવું એ પણ દાન છે. સંસારના શ્રેયમાં પોતાનો યત્કિંચિત્ ફાળો આપ્યા વગર વ્યક્તિનું આયખું પૂરું થઈ જાય તો ઈશ્વર સમક્ષ પસ્તાવા રૂપે આજીજી કરવી પડશે :

મૈલી ચાદર ઓઢકે કૈસે દ્વાર તુમ્હારે આઉં
હે પાવન પરમેશ્વર મેરે મન હી મન શરમાઉં ...

**(હરિ ૐ શરણ) શાંતિલાલ ગઢિયા (વડોદરા)**

**Govigyan Bharati**

15, Kuber Kunj, Karani Lane, Ghtkopar (west), Mumbai – 400 086

## An unique Appeal for establishing Cow Protection and Preservation Centre, "Go-Puram" (Go-Sadan) Project Near Mumbai

### 1) INTRODUCTION:

**Govigyan Bharti** is a registered NGO based on **Cow-o-logy** i.e. working for betterment on all aspects of cow and its progeny by cow service, cow protection and preservation (*Gauraksha, Gauseva & Gausamvardhan*) this is especially need of Hour after enactment of total ban of cow slaughter in Maharashtra. In fact we are fully dependent on cow by cow products mainly milk and organic food products produced with the help of bullocks (Cow family). But this total requirement can only be achieved by scientific approach and *economically self-sustained* Model Cow Preservation Centre. (Go-Puram or Go-Sadan)

For this we must establish Model Cow Preservation Centre (Go-Sadan); We have identified one such village based organization in **Gram Swarajya Samiti (G.S.S**.) - Maharashtra having 6 acres of land at Bhangar Village (Nere), about 10 kms from Panvel near Santivan district Raigad, and office at Gandhi Seva Mandir 252, Swami Vivekanand Marg, Bandra West, Mumbai 400080. It has been mutually agreed to have an M.O.U. for smooth and transparent execution of the project. This center can be developed by applying scientific methods of cow preservation and manufacturing products like cow urine distillate for medicines, Fortified cow dung for Havan, Panch Gavya Ghee for Various ailments. Producing cooking gas and utilization of bull energy for various applications such as water lifting, grass cutting, electricity generation etc. is also considered. At present G.S.S. has about 20 cows. We intend to augment it to 60 with Desi, High Milk Yielding Breed like GIR cows.

### 2) REQUIREMENTS (Budget Estimate):

For the above purpose, there is a requirement of **Rs. 5 lakhs** for initiating the project.

Further requirement of **Rs. 15 Lakhs** and above will be needed for further development.

This centre can be set up as an ideal example for public to propagate organic food (milk); Panch Gavya based Medicines and of self-sufficient model centre. You are earnestly requested to contribute generously to make this unique project success (IT-80G available). Cheque should be drawn in name of **"Govigyan Bharati"**

### 3) CONTACT PERSONS:

1. Shri Ramesh Doshi (social worker)-**Malad (W)**
   Mob.7506750251 (Editor-Goraksha-patra)
2. Shri Amritlal Doshi (Retd. Govt. officer)
   9223552653 (Govigyan Bharti Vice-President)
   **Ghatkopar (w) Email-amudoshi@gmail.com**

### 4) SALIENT FEATURES (HIGHLIGHTS):

1. All products used and made here are 100% **ORGANIC**
2. For healthy growth of cows they are kept free (not tied) all the time in an open shed having fermentation ponds inside. The quality of milk is **A2** type which is healthy and beneficial.
3. Only **Pure Indian breed, desi** cows (**GIR**) will be kept here.
4. No foreign breed cows (Jersey, Holstein etc) are kept here as their milk is type **A1** which is very injurious to health.
5. Cows are daily taken out for grazing green fodder in the nearby jungle and Gochar place.

### 5) DONATION SCHEMES :

1. **For each donation of Rs. 2.5 lakhs & above, one cow shelter will be named as per Donor's Wish. Suitable Plaque in Granite will be put up on that shelter**
2. **For each Donation of Rs. 1.0 lakh & above will bear name of Donor on Marble plaque to be erected at suitable place in Centre.**

**NOTE** – 1) Please note that we are fortunate to have an internationally renowned and experienced cow scientist **Shri Shardanand Mishra** as an adviser to this prestigious project for its preparation and execution.
2). Being very close to Mumbai, this centre can also become a good place for educating group visitors and organizing various training programs.

**Amritlal Doshi**
Vice President

## જર્સી ગાયનું દૂધ આરોગ્ય માટે ઘાતક છે અને અનેક રોગોને નોતરે છે

જર્સી ગાયનું દૂધ પીવાના કારણે ઘાતક રોગો થાય છે, જેના કારણે કેટલાક કિસ્સાઓમાં બાળકોના મૃત્યુના પણ બનાવો બને છે. આ દૂધના વેચાણને અંકુશમાં લાવવું જોઈએ અને દૂધની થેલી પર આ જર્સી ગાયનું દૂધ છે તેવું સ્પષ્ટ લખવું જોઈએ, અને આ દૂધ આરોગ્ય માટે નુકસાનકારક છે તેવી નોંધ પણ લખાવી જોઈએ તેવી દાદ માંગતી જાહેરહિતની અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. કોર્ટે આ જાહેરહિતની અરજીના પગલે રાજ્ય સરકારને નોટિસ કાઢીને જવાબ આપવા જણાવ્યું છે. આ અરજીમાં એવી પણ રજૂઆત થઈ કે યુરોપના દેશોમાં જર્સી ગાયના દૂધનો ઉપયોગ ઘટાડવા પ્રયાસો થાય છે જ્યારે ભારત સરકાર નાગરિકોના આરોગ્યના મામલે ઉદાસીન છે. ઉલ્લેખનિય છે કે જર્સી ગાય દેશી ગાયની સરખામણીએ અનેક ગણું દૂધ આપે છે. પણ એ જર્સી ગાયનું દુધ આરોગ્ય માટે હાનિકારક છે.

હાઈકોર્ટ સમક્ષ વિશ્વના અનેક દેશો જેવા કે ડેનમાર્ક, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને ભારતમાં થયેલા સંશોધનો મુકવામાં આવ્યા છે. આ સંશોધનો મુજબ જર્સી ગાયનું દૂધ પીવાથી બાળકોને ટાઈપ-૧ ડાયાબીટીસ થાય છે, હૃદય રોગો, ન્યુરોલોજીકલ સમસ્યાઓ જેવી કે સીઝયોફેનીયા, બાળકોનું અચાનક મૃત્યું થઈ જવું વગેરે થાય છે. આ સંશોધનોમાં કહેવામાં આવ્યું છે કે જર્સી ગાયના દૂધમાંના એમીનો એસિડની ૬૭મી કડી નબળી હોય છે, જેના પરિણામે આ દૂધ જ્યારે પાચન માટે જાય છે, ત્યારે તે કડી બીસીએમ (બેટા કાસો મોરફીન) માં તુટી જાય છે જે ગંભીર પ્રકારના રોગોનું મુળ છે. જર્સી ગાયના દૂધને એ-૧ અને દેશી ગાયનું દૂધ એ-૨ તરીકે ઓળખાય છે. 'ડેવિલ ઈન મિલ્ક' નામે પ્રકાશિત થયેલા ડો. કેઈથ વુડફોર્ડના સંશોધનને પણ કોર્ટ સમક્ષ મુકવામાં આવ્યું છે જેમાં આ જર્સી ગાયનું દૂધ કેટલું ઘાતક છે તે દર્શાવાયું છે. નેશનલ બ્યુરો ઓફ એનિમલ જીનેટીક રિસોર્સીસના વૈજ્ઞાનિકો દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા સંશોધનમાં પણ આ વાત પુરવાર થાય છે. ન્યુઝીલેન્ડ સહિતના યુરોપિયન દેશોએ ભારતની દેશી ગાય જેવું એ-૨ દૂધ વેચવાનું શરૂ કરી દીધું છે. ન્યૂઝીલેન્ડમાં જર્સી ગાયના એ-૧ પ્રકારના દૂધની સરખામણીએ દેશી ગાયના એ-૨ દૂધનો ભાવ દસ ગણો છે.

## ક્રોસ બ્રીડિંગના કારણે ભારતીય દેશી ગાયો ખલાસ થઈ ગઈ

જાહેરહિતની અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ભારતીય દેશી ગાયો જેવી કે ગીર, થારપરકર, રાઠી, રેડસીંધી અને સાહીવાલ વગેરેનું દૂધ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી છે. સરકાર આ ગાયો માટે જર્સી અને હોલ્સટેઈન ગાયોના સીમેન સપ્લાય કરી રહી છે જેના કારણે આરોગ્યપ્રદ એ-૨ દૂધ આપતી આપણી દેશી ગાયો ક્રોસ બ્રીડીંગમાં ખલાસ થઈ રહી છે. આપણી ગાયોના સીમેન વિદેશમાં મોકલવામાં આવી રહ્યા છે અને યુરોપથી જર્સી ગાયના સીમેન ભારતમાં મંગાવવામાં આવી રહ્યા છે. **સૌ. ગુજરાત સમાચાર.**

## ।। સર્વનાશ તરફ મહાપ્રયાણ।।

## ડૉ. શ્રી ઈર્વીન જ્હૉન

ફ્રાન્સ વૈજ્ઞાનિકની
સમગ્ર માનવ જાતને ચેતવણી.
લાસ્ટ વૉર્નિંગ.

**વિના યુધ્ધે, વિના શસ્ત્રોએ**
**વિના આક્રમણે, વિના અણુંબૉમ્બે**
**વિના લોહી વહેવડાવે**
**સાઈલન્ટ કીલર ફર્ટીલાઈઝર**
**અને**
**ઝેરી જંતુનાશકોથી**

સમગ્ર માનવજાત, પશુ પક્ષીઓ, જીવ જંતુઓને
રોગીષ્ટ અને અશક્ત બનાવી મોતને ઘાટ ઉતારશે.
જીનો સાઈડ, માનવ હત્યા
માટે જવાબદાર
ફર્ટીલાઈઝર અને પેસ્ટીસાઈડ
ગ્લોબલ વોર્મિંગ વધારી પર્યાવરણનો સર્વનાશ કરશે.
તમારા આરોગ્યના દુશ્મનો છે. સાયલન્ટ કીંલર છે.
માટે તેનો ઉપયોગ બંધ કરી
છાણ, મૂત્રથી કુદરતીખેતી, સજીવખેતી,
અહિંસક ખેતી ભારતીય ખેતી અને ઋષિ ખેતી કરી
સમગ્ર માનવજાત અને પર્યાવરણ બચાવો,
ધર્મ, સંસ્કૃતિ અને પર્યાવરણની રક્ષા કરો.

**- સં.ચુનીભાઈ પટેલ**

## લવાજમ મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | હસમુખભાઈ પરીખ | - અમદાવાદ | ૧૦૦/- |
| ૨. | લાલન ગૌશાળા | - સિધ્ધપુર | ૧૦૦/- |
| ૩. | અનસુખભાઈ શાહ | - સાંગલી | ૧૦૦/- |
| ૪. | અશ્વીનભાઈ, મોરબી ફરસાણ | - મલાડ | ૨૦૧/- |
| ૫. | ડૉ. સુહાસ સી. દવે | - ધર્મજ | ૨૦૦/- |

**નોંધ:** આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.

**ખાસ સુચના:** ગ્રાહક નંબર, નામ, પત્ર, SMS કે ફોન ધ્વારા જાણ કરવા વિનંતિ છે. મો.નં.**07506750251**

આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય
ટી.યુ. મહેતા, નિવૃત્ત ન્યાયાધીશ
૩, સિધ્ધાર્થ, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણ નગર, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭
તરફથી મળેલ છે, જેનો હર્ષ તથા આભારની
લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.

# राष्ट्रिय अहिंसा मंच (RAM) संमेलन

ता.९ जुलाई से १३ जुलाई -१५ तक अेक संमेलन प्राकृतिक खेती और देशी गाय के विषय पर श्री क्षेत्र सिध्धगीरी संस्थान-कनेरी मठ-कोल्हापुर में हुआ उसमें भाग लेनेका अवसर मिला।

प.पू.श्री काड अद्रश्य सिध्धेश्वर स्वामी यहाँ के अध्यक्ष है। आश्रमकी करीब ३०० अेकर जमीन है। यहां गौसंवर्धनका कार्य चल रहा है, गौशालामें गीर, काकरेज, राठी मालवी, थारपारकर आदि अलग अलग प्रजातिकी देशी गाये और सांढ है। करीब ७०० गोवंश है, दुध ७० रु. लीटर और देशी घी जो परंपरागत प्राकृतिक रीत से बनाया जाता है जो रु.२०००/- किलोसे आश्रमका ओरगेनीक स्टोर्स है उसमे बेचा जाता है। कभी कभी बम्बई या अन्य शहेरोमे से लोग सिर्फ घी के लिए यहां आते है। आश्रममे सभी अनाज, फल, सब्जी, आदि की खेती है जो सभी प्राकृतिक खेती है। यहां कोई जंतुनाशक दवा या युरिया खादका इस्तेमाल नही होता है। जंतु नियंत्रण हेतु गोमूत्रसे बनाया गया जीवामृतका उपयोग होता है।

आश्रममें अेलोपेथी, आयुर्वेदिक, निसर्गोपचार आंखकी होस्पिटल है। पूर्ण आधुनिक साधनो और तज्ञ डोक्टर स्टाफ है। दरे बहुत किफायत है इसलिए दर्दी की पहली पसंद यहांकी होती है इसका असर यह हुआ है कि कोल्हापुर जिल्लोमें डोक्टरोने अपनी फीस कम रखनी पडी है।

स्वामीजीकी विशेषता यह है कि वह अत्यंत नम्र और सरल है, इतना ही नही वह राष्ट्रभक्त और गोभक्त है। मठमें अपनी प्राचीन परंपरा - रहन सहन - उद्योग कैसे थे उसकी अेक बहुत प्रेरणादायी - देखने लायक प्रदर्शनी बनाई है। यह प्रदर्शनी देखने हजारो लोग यहां आते है। प्रदर्शनी देखने में करीब दो घंटे तो लगते ही है।

स्वामीजीका प्रभाव मठमें ही है ऐसा नहीं है कोल्हापुरके आसपास गांवोमें भी स्वामीजीका भक्तगण है। गांवो का विकास कोईभी सरकारी सहाय के बिना करनेका प्रयोग भी यहां हो रहा है। शेलके गांवका परिचय अलगसे इसी अंकमें दिया गया है। गांवो में अब देशी गायका पालन ज्यादा होने लगा है। लोग अभी देशी गायका महत्व समझने लगे है। पहले १० से १५ हजारमें मिलती देशी गाय अब ४० हजारसे भी ज्यादा किंमत हो गई है। किंमत बढी है तो पालन पोषण भी अब सही ध्यानसे कर रहे है।

देशी गायका पालन बढनेसे बीमारीया कम होने लगी है। डोक्टरोके धंधेमें मंदी आने लगी तो उन्होने कारण ढुंढा तो पता चला की देशी गायोंका दुध से यह बीमारीयां कम होने लगी है।

स्वामीजीने एक चौकानेवाली बात कही कि डोक्टरो अब लोगोको कहने लगे है कि देशी गायके दुधसे बिमारी बढती है तो देशी गायका घी, दुध उपयोग न करे। जो कभी सुना नही था, कल्पना न थी यह यहां के स्वामीजीके प्रयोग का प्रताप। आखिर तो सत्य की ही जीत होती है। अब कितनाभी देशी गायो के बारे में गलत प्रकार डोक्टर करे, वह सफल नही होंगे क्युंकि प्रजाने प्रयोगसें सत्य को जाना है, उनके सामने अब लड़नेकी जरुरत नही है। हम अपना प्रयोग चालु रखे यही हमारा उनको जवाब होगा।

अेक सच्चा साधु क्या कर सकता है। इसका यह सफल प्रयोग यहां हुआ है। अगर हिंदुस्तानके छ लाख साधु एक एक गांव को संभाल ले तो परिवर्तन होने में देर नही लगेगी। आश्रमसे अेक अेकर खेतीमें पुरा परिवारका पोषण हो सकता है, यह भी यहां प्रयोग हो रहा है। शहर वाले कल्पनाभी नही कर सकते की अेक अेकरमें २०० से ज्यादा फल (फ्रुट) सब्जी, अनाज आदि इसमे हो सकती है।

११ तारीख को हम गोयात्रा के लिए कर्नाटक राज्य के कुरणी गांवमे गये थे। रातोरात यह प्रोग्राम तय हुआ था। रास्तेमें जो जो गांव आये वहां गोपुजन किया गया। गांवमे माता-बहेनोने सजधजके ढोल नगारेके साथ स्वागत किया गांवके सारे देशी गाय, बैल का पुजन हुआ और गाय, बैल के साथ गांवकी फेरी की गई। परंपरागत रास-कुस्ती-आदि भी दिखाया गया बादमें सभामें देशी गायका महत्व लोगोको समजाया गया। सारे गांव का समुह भोजन हुआ। अैसा ही कार्य स्वामीजीकी प्रेरणासे अन्य गांवोमें हो रहा है।

स्वामीजी श्रेष्ठ गायकी प्रतियोगिता हर साल रखते है। १-२-३ नंबर तक इनाम दिया जाता है। १ नंबर को १ लाख दिया जाता है, कुरणी गांव की खिलारी गाय तीन सालसे यह प्रतियोगिता जीत रही है, उनका भी दर्शन हुआ यहां प्रायः ज्यादा खिलारी प्रजातिका गोवंश है।

यह सबका श्रेय स्वामीजी को जा रहा है। प्राकृतिक खेती यहां बढने लगी है और जो किसानके घरमें देशी गाये है और प्राकृतिक खेती करते है इन परिवारोंमे कोई आत्महत्याका बनाव नही बना है।

यु.पी., बिहार, छतीसगढ, हरियाणा, गुजरात, महाराष्ट्र आदि बारह राज्योके प्रतिनिधिओने संमेलनमें हिस्सा लिया। प्रायः देशी गायसे प्राकृतिक खेती करते किसान थे यह सभी।

भारतमें तीन क्रांति हुई १. हरित क्रांती, २. श्वेत क्रांति, ३. पिंक क्रांती

हरित क्रांतिसे हाइब्रीड बीज आया, युरिया आया, जंतुनाशक दवाएँ आयी, टेक्टर आया, किसान को सभी चीजे बाहरसे लेनी पडी। शुरु में अच्छा उत्पादन मिला बादमें खेती महंगी होती चली। किसान की बरबादी हुई आत्महत्या का सिलसिला शुरु हो गया।

श्वेत क्रांतिसे देशी गाय गोवंशके बदले जरसी और होलस्टाइन गायो को प्रोत्साहन दिया गया हमारी गायो का विदेशी सांठोसे या कृत्रिम गर्भाधान कराया गया इससे हमारी असली गाये दिन बदिन कमजोर होने लगी। दुध कम होता गया, बैलोको काम न रहा, तो गोवंश कतल खाने जाने लगा। देवनार कतलखानेमें हमने देखा है अपनी नजरों से कि अच्छे अच्छे बैल और बछडे कतल के लिए आते थे। पीछले साठ सालसे हमने गलत राह चुनी। हमारी सारी बरबादीका कारण अपना गोवंशकी उपेक्षा की गई वह है यह स्पष्ट समजमें अभी आया है हमारी ही गीर गाये जो ब्राझील और अन्य देशोमें गयी है वो वहां रोजका ३५ से ४० लीटर दुध देती है। यह सोची समजी चाल थी जिसे हम समझ न सके और चलते रहे। देशमें अब भी ८ करोड़ किसान है जो खेती करते है और हमारे पास अभी सिर्फ ४ करोड गोवंश बचे है। अभी भी हम

जाग जाये तो बचने का उपाय है ६० सालकी गलती को सुधारने में कुछ साल तो लगेगें ही पर यही उपाय है।

पिंक क्रांति से मांस निर्यात बढ़ा हमारी असली संपत्ति का हम नाश कर रहे है और इसको हम गौरव मानते है कि भारत सबसे बड़ा मांस निर्यात देश है।

अगर बचना है बिमारीयोसे, बेकारीसे तो देशी गायके माध्यमसे प्राकृतिक खेती पर जोर देना ही होंगा, बजार परावलंबन छोडना है तो देशी गाय ही उपाय है। आत्महत्या से किसान को बचाने का यही एक उपाय है। हमे गाय ही बचा सकती है।

## आदर्श गांव - शेलकेवाडी, जि. कोल्हापुर

ता.१०.०७.१५ को शेलकेवाडी गांव देखने गये। यहां केनरी मठ के प.पूज्य अद्रश्य काड सिध्धेश्वर स्वामीजी की प्रेरणासे अेक आदर्श गांव किसी भी सरकारी सहायताके बिना निर्माण हुआ है। स्वामीजी का बहुत आदर सन्मान गांववालो के ह्रदय में है।

(१) पूर्ण गांव शाकाहारी है।
(२) हर घरमें टोयलेट है, मल, गोबर-गेस टेंक में जाता है, जिससे गेस बनती है।
(३) हर घरमें गोबर गेस प्लान्ट है, बैंक ऑफ इंडियाने लोन दिया था, जो समयसर भरपाई करते है।
(४) हर घरके आगे ड्रेनेज और शोषखडे बनाये गये है, जिससे घरका पानी जमीन में उतर जाता है। रोड पर पानी नही जाता है तो स्वच्छता बनी रहती है, हर घरमें पानी का RO Plant है।
(५) गांव में जमीन पर जो लोगोने अतिक्रमण किया था सबने हटा लिया और वहां स्कुल और बगीचे बनाया गया है।
(६) गांव के मंदिरमें ८०० से ज्यादा जानवर-मुरगी आदि कि बली दी जाती थी, स्वामीजीके उपदेश से बंद हो गया है।
(७) गांवमें कोई शराब या गुटखा की दुकान नहीं है, न विक्री होती है।
(८) १.२५ करोड़ की स्टेट बैंक ने लोन दी जिससे इरीगेशनकी व्यवस्था हो गई है। गन्ने की आवक करीब दुगनी हो गई है, लोन समयसर चुकाई जाती है और दो फसल साल में ले सकते है।
(९) ओपन में कोई संडास जायेगा तो रु.१००/- दंड होता है और उसके नामकी ढोल बजाके गांव मे जाहिरात होती है। जाहिरात करनेवालो को रु.५०/- दिया जाता है।
(१०) हर हप्ता गांवमें सफाई होती है और कचरा गांव के बाहर खड्डे करके डाल दिया जाता है।
(११) हर घरके दरवाजे पर कितने मेम्बर है, मां-बाप, पति-पत्नी, लड़का-लड़की है वह लिखा जाता है।
(१२) पंचायतका मकान कोई सरकारी सहाय के बिना श्रमदानसे बनाया गया है।
(१३) पंचायत में दाखला, सर्टिफीकेट आदि कितने दिनमें मिल जायेंगे यह स्पष्ट बोर्ड पर लिखा गया है।
(१४) स्वामीजी के उपदेश से गांवमें अब देशी गायों की संस्खा बढने लगी है।
(१५) गांव में जो फसल की कटाइ होती है वह सब अेक दुसरे की मददसे काटी जाती है। मजदुर की जरुरत नही पड़ती है।
(१६) गांवमें पीछले दस सालसे कोई कोर्ट केस या FIR भी नही हुई है, गांव में टंटा मुक्त समिती है, वह किसी भी समस्या का मिलकर निकाल करते है।
(१७) गांव में चुनाव होता है पर गांव पार्टी पोलीटीक्स से मुक्त है।
(१८) महिला संगठनने बचत गट बनाया है, इससे बचत होती है और सदस्यको जरुरत होने पर लोन देते है।
(१९) स्कुल में वृक्षारोपण हुआ है और अेक अेक विद्यार्थी को अेक अेक वृक्ष की जिम्मेदारी दि गयी है तो ९ साल में अब वृक्ष बड़े हो गये है।
(२०) सेंद्रिय बीज बनाया गया है और पुरे गांव में प्राकृतिक खेती करने का संकल्प है, भविष्यमें पुरे गांव में सोलार से बिजली बनाने का संकल्प भी है।

अेक साधु क्या कर सकता है, यह यहा देखा जाता है। स्वामीजी तो सालमे दो तीन बार वो भी दो चार घंटे के लिए आते है पर जो काम यहां हुआ है उसमे स्वामीजी की प्रेरणा और आशीर्वाद का बहुत बड़ा हिस्सा है।

इस देशमें जो भी होगा या करना होगा उसमें मुख्यभुमिका संन्यासीओकी होगी तो ही कोई कार्य सही होगा। यह हम सबको याद रखना है, अेक अेक गांव अगर अेक अेक संन्यासी गोंद ले ले तो सरकारी सहायके बिना आदर्श ग्राम निर्माण हो सकता है यह यहा प्रयोगसे सिध्ध किया देखा जाता है।

## રાજકોટની એક આખી સ્કૂલ સોલર ઉર્જા પર

રાજકોટની જાણીતી શામજી વેલજી વીરાણી વિવિધલક્ષી હાઈસ્કૂલ ટેરેસ પર ૨૩૦ વૉટ પાવરની ૧૫૪ સોલર પૅનલ બેસાડી છે જેને કારણે હવે સ્કૂલને ઈલેક્ટ્રિસિટીની જરૂર નહીં પડે અને સ્કૂલ દર મહિને અંદાજે ૪૮,૦૦૦ રૂપિયા જેટલી બચત કરશે. સ્કૂલની થનારી આ બચતનો લાભ સીધો સ્ટુડન્ટ્સને આપવાનું પણ સ્કૂલ-મૅનેજમેન્ટે નક્કી કર્યું છે અને જે કોઈ ઈલેક્ટ્રિસિટીની બચત થશે એ ગરીબ સ્ટુડન્ટ્સને બુક્સ, નોટબુક્સ અને બીજી શૈક્ષણિક જરૂરિયાત પૂરી કરવામાં ખર્ચવામાં આવશે.

સ્કૂલની ટેરેસ પર મૂકવામાં આવેલી સોલર પૅનલથી દર મહિને ૨૦૩ વૉટ પાવર જનરેટ થશે જે સૌર ઊર્જાથી સ્કૂલના ક્લાસરૂમના ૧૦૦ પંખા અને ૧૨૦ ટ્યુબલાઈટ તો ચાલશે જ, એની સાથોસાથ સ્કૂલનાં ૨૧ ઍર-કન્ડિશન, ૨૫ કમ્પ્યુટર અને ૧૨ પ્રિન્ટર પણ ચાલશે. સોલર પ્રોજેક્ટના ઈનચાર્જ આઝાદસિંહ જનકાંતે કહ્યું હતું કે 'સ્કૂલમાં પર્યાવરણની બચતનાં લેશન ભણાવવામાં આવે છે, પણ એ દિશામાં કામ થતું નથી. સોલર ઊર્જાથી આખી સ્કૂલની ઈલેક્ટ્રિસિટીની જરૂરિયાત પૂરી પડતી હોય એવી વીરાણી પહેલી સ્કૂલ બની છે, પણ એની સાથોસાથ સ્કૂલે બીજી સ્કૂલોને દાખલો પણ આપ્યો છે કે જે ભણાવીએ છીએ એનો અમલ પણ કરતા જઈએ.'-
**મીડ ડે - ૬.૬.૧૫.**

## વૈશ્વિક-હાઈલાઈટસ - તુલસીનો ચમત્કાર

પેરૂના પોઝુકો શહેરમાં ૧૭ વર્ષના એક ટીનેજરની આંખ સોજી ગઈ હતી. ડોક્ટરે તપાસ કરી પણ આંખ સોજી જવાનું કારણ સમજાતું નહોતું. ત્યારબાદ સ્કેનીંગ કરતા આંખની અંદર ત્રણ સેન્ટીમીટરની ઈયળ હોવાનું માલૂમ પડ્યું હતું. સર્જરી કરવાને બદલે ડોક્ટરે આંખ પાસે તુલસીના પાંદડા રાખ્યા. તુલસીના પાંદડાની ગંધથી આકર્ષાઈને તરત જ ઈયળ આંખની બહાર નીકળી ગઈ હતી.- **સૌજન્ય: ગુજરાત સમાચાર.**

## કચરાનો કમાલ

કચરાને આપણે કચરો જ સમજીએ છીએ. એમાંથી કોઈ ઉપયોગી વસ્તુ બની શકે એવું આપણે વિચારી શકતા નથી. પણ હકીકતમાં કચરાને જો રિસાઈક્લિંગ કરવામાં આવે તો એમાંથી ઘણી બધી ઉપયોગી વસ્તુ બની શકે છે એટલે કે કચરો કમાલ સર્જી શકે છે. બસ એ દિશામાં વિચારવાની જરૂર છે. ભારતમાં નહીં પણ અન્ય દેશોમાં પણ કચરાનું રિસાઈક્લિંગ કરવામાં આવે છે. આવો એ અંગે જાણીએ...

- નાઈકી કંપનીએ ખેલાડીઓનાં જૂનાં જૂતાં ભેગાં કર્યાં. આ જૂતાંનો ઉપયોગ કાચા માલના રૂપમાં કરીને તેમાંથી ટેનિસ કોર્ટ અને રનિંગ ટ્રેક જેમ કે 'સ્પોર્ટ્સ સરફેસ' બનાવ્યો હતો.
- રિસાઈક્લિંગ માણસના મૃત્યુ પછી પણ કામમાં આવે છે. ઈકોપોડસ નામની બ્રિટિશ કંપની તાબૂત (કોફીન) વેચે છે, જે રિસાઈકલ્ડ કાગળમાંથી બનાવવામાં આવે છે. એનો રંગ સામાન્ય રીતે આસમાની અને ચાંદીના રંગ જેવો હોય છે.
- અમેરિકાના લોકો દર વર્ષે ઘણા બધા મોબાઈલ રિટાયર કરી દે (એટલે કે ફેંકી દે) છે. જેમાં ૮ કરોડ ડોલરની કિંમતનું સોનું, ચાંદી, તાંબું, પેલેડિયમ અને પ્લેટિનમ જેવી ધાતુઓ હોય છે. - **મુંબઈ સમાચાર, તા.૫.૭.૧૫.**

## મહિલાઓ માંગે છે દારૂબંધી.

મહારાષ્ટ્ર રાજ્યના ઓછામાં ઓછા પાંચ જિલ્લા અને કેટલાંક તાલુકામાં દારૂબંધી લાગુ કરવા વિશે રાજ્યના મહેસૂલ પ્રધાન એકનાથ ખડસેએ જણાવ્યું હતું કે આ માટેની માગણી પ્રબળ બની રહી છે. વિદર્ભમાં આવેલા ચંદ્રપુરમાં ભાજપની આગેવાનીની સરકારે દારૂબંધી લાગૂ કરતાં એ રાજ્યનું વર્ધા અને ગઢચિરોળી બાદ ત્રીજું શહેર બન્યું છે.

એકનાથ ખડસેએ જણાવ્યું હતું કે ભંડારા, નાગપુર, યવતમાલ, પંઢરપુર, તુળજાપુર અને મક્તાઈનગરના મહિલાઓના ગ્રુપ અહીં દારૂબંધી કરવા માટેની માગણી કરી રહ્યા છે. અમે આ માટેની પ્રક્રિયા સરળ બનાવી દીધી છે. આ વિસ્તારની ગ્રામ સભાઓમાં એકમતે દારૂબંધીની માગણી કરાશે તો અમે ગુપ્ત મતદાન કરાવીને અહીં દારૂના વેચાણ પર પ્રતિબંધ લાવીશું.

મહારાષ્ટ્રના દારૂનો ધંધો કરતી લોબી મજબૂત છે એટલે કહેવામાં અને દારૂબંધી અમલ મૂકવામાં ઘણો ફરક છે. અત્યારના મહારાષ્ટ્ર પ્રોહિબિશન ઍક્ટ મુજબ ગામની ૨૫ ટકા મહિલાઓ ગુપ્ત મતદાન દ્વારા દારૂ પર પ્રતિબંધ મૂકવાની તરફેણ કરે તો દારૂનું વેચાણ બંધ કરી દેવામાં આવે છે.

## ૭.૧૧.૯૨ ની ડાયરી બોલે છે.

૧૦૮ દિવસનું મૌન ચાલતું હતું ત્યારની ડાયરીમાંથી આ લખાણ છે.

આજે સવારે નરોત્તમભાઈ આવેલા. ''ચૈતન્ય દીવો'' માં આંખના મૌન વિષે બોર્ડ પર લખેલ હતું. મેં કીધું આંખોનું મૌન મનના મૌન પહેલા જરૂરી છે. એ કહે ''પણ એ કરવું કેમ? મને તો જાડું જાડું એમ સુઝે છે કે આંખો બંધ રાખવી.'' મેં કીધું ''જાડું જાડું સુઝે એમ ચાલતા રહો તો ધીમે ધીમે ઝીણું ઝીણું સુઝતું જશે.''

સાંજે મુંબઈથી આવતા ટ્રેનમાં વિચાર સહજ રીતે આ બાબતમાં ચાલ્યા.

જાડું જાડું એટલે આપણે લાકડાની પેન્સીલ છોલીએ પતરીથી તો પ્રથમ જાડા જાડા છોતરા ઉતરે અને પછી જ્યારે પેન્સીલ આવે ત્યારે અણી કાઢતી વખતે સતત જાગૃતિ, એકાગ્રતા અને અત્યંત ધીરે ધીરે કાઢીએ ત્યારે પેન્સીલની અણી નીકળે. એ વખતે જો ધ્યાન બીજે હોય કે વધારે ભાર દેવાય જાય તો પેન્સીલની અણી તુટી જાય અને ફરી વળી જાડા જાડા છોડા ઉતારવાનું શરૂ કરીએ ત્યારે ફરી પેન્સીલની અણી નીકળે. એ વખતે ફરી ધ્યાનચુક થાય તો ફરી એની એ જ દશા. એમ જીવ જાડા તરફ ચાલતા વખતે જીણાનો લક્ષ રાખે તો જીણા તરફ પહોંચાય. પણ જીણા એટલે કે સુક્ષ્મ તરફ જેમ જેમ જતા જઈએ તેમ ઉપયોગ વધારે એકાગ્ર થતો જવો જરૂરી છે. લક્ષ વગર ફક્ત જાડા તરફ ચાલતા રહેવું એટલે કે રૂઢિગત ક્રિયાકાંડો કરતા રહેવા અને તેને ધર્મ માનવો અને એ ઘેનમાંને ઘેનમાં ચાલ્યા કરવું એ તો પેન્સીલ વગરની લાકડીને છોલ્યા કરવા બરાબર છે. જીવ માને કે હું પેન્સીલ છોલી રહ્યો છું પણ જ્યાં છે જ નહિ ત્યાં આવે ક્યાંથી? લક્ષ વગર ચાલવું એના જેવું જ થાય છતાં ક્રિયાકાંડોના ઘેનમાં એમ માને કે ચાલીએ છીએ.

અનંતકાળથી આમ જ પેન્શીલ છોલી રહ્યો છે. સુક્ષ્મ સુધી આવ્યો પણ ખરો પણ ત્યાં એકાગ્ર ન થયો, જાગૃત ન થયો, લાપરવા રહ્યો અને ફરી પેન્સીલની અણી તુટી અને ફરી છોડા ઉતારવાનું આમ જ જન્મ મરણના ચક્ર ચાલ્યા કરે છે.

એમ જ આપણે આપણી જાડી સમજ પ્રમાણે ચાલીએ, ભૂલો કરીએ, ભૂલો સુધારીએ, જાગ્રત રહીએ અને આગળ વધતા રહીએ તો ક્યારેક જન્મ મરણના બંધનમાંથી મુક્તિ મળે.

ક્રિયાકાંડો નિષેધવા યોગ્ય નથી પણ એ લક્ષને અર્થે છે ને જરૂરી છે એટલું જાણવું અને સમજવું જરૂરી છે.-**તંત્રી રમેશ દોશી 'નિમિત્ત'**

ગાય આજે ધર્મનીતિ અને રાજનીતિ વચ્ચે પીસાઈ રહી છે. જ્યાં સુધી ગાય ધર્મનીતિ અને રાજનીતિથી મુક્ત નહિ થાય ત્યાં સુધી ગૌહત્યા રોકવી શક્ય નથી.

મારું એવુ માનવું છે કે જો ગાયને ધર્મનીતિ અને રાજનીતિની જંજાળમાંથી બહાર કાઢીને સંપૂર્ણપણે અર્થશાસ્રથી જોડી દેવાય તો દેશમાં ચાલી રહેલુ ગો-રક્ષા આંદોલન સ્વયં સફળ થશે.

**- રાષ્ટ્ર સંત મુનિશ્રી તરુણ સાગરજી મહારાજ**

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

## સદ્ભાવના હશે તો સત્કર્મ થશે

'સ' અક્ષર હકાર છે. 'સ' સત્યનો દ્યોતક છે. સારપ, સકારાત્મક, કલ્યાણકારી હોય તે સત્. હૈયે વસે તે ભાવના. હાથથી ઊતરે તે કર્મ. આ હૈયા અને હાથની જુગલબંધીમાં મસ્તક વચ્ચે આવવાનું ટાળે ત્યારે સદ્ભાવના અને સત્કર્મનો યોગ રચાય. એક અભૂતપૂર્વ શિક્ષકનું લખેલું પુસ્તક. તેનું શીર્ષક 'શિક્ષકનું દર્શન'. તેમાં એક ઘટના વાંચી અને પ્રશ્નનો જવાબ મળ્યો કે: સદ્ભાવના અને સત્કર્મ ખરેખર આવાં હોય.

'એ દિવસોમાં હું શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીમાં રહેતો હતો. રોજના ક્રમ પ્રમાણે સાંજના ભોજન પછી સમુદ્રકિનારે ફરવા જતો. અચાનક મારી નજર એક બાળક પર પડી. તેણે લીલી ચડ્ડી પહેરી હતી તેથી હું સમજી ગયો કે આશ્રમની શાળાનો આ વિદ્યાર્થી છે. બાળક હશે દસેક વર્ષનું. સમુદ્રનાં મોજાં સાથે રમવામાં તે મશગૂલ હતું. થોડીવારમાં મોજાં ભેગું અંદર જાય તો થોડી પળમાં મોજાં જોડે ઊછળી બહાર પછડાય! બાળકની આ જોખમી રમત જોઈને મને ધ્રાસકો પડ્યો. મોજાં સાથે બાળકની ધીંગામસ્તી ચાલુ હતી ત્યાં એકાદ ભયાનક મોજાંથી તો તે માંડ બચ્યું. હું બૂમ પાડી ઊઠ્યો: 'અરે બેટા, તું આ શું કરી રહ્યો છે? મોજું ખેંચી જશે તો? બહાર નીકળી જા અને ફરી દરિયા કિનારે એકલો આવીશ નહીં.'

બાળક નીચું જોઈ તરત પાણીમાંથી બહાર નીકળી ગયું. પગ આખા અને ચડ્ડી ભીનાં હતાં. મેં ફરી બાળકને કહ્યું: 'આવું જોખમ નહીં લેવાનું. રમતો બીજી ક્યાં ઓછી છે? ફરી ક્યારેય દરિયા કિનારે એકલા નહીં આવવાનું...' બાળક ચૂપચાપ છાત્રાલય તરફ વળ્યું અને મને લાગ્યું કે ચાલો, પ્રકરણ પૂરું થયું... પણ ના, પ્રકરણ હવે શરૂ થયું. બાળકના ગયા પછી અંધારામાંથી એક વ્યક્તિ મારી પાસે આવી. તે આશ્રમની શાળાના શિક્ષક અને ગૃહપતિ હતા. શાંત અને સ્વસ્થભાવે મારી પાસે ઊભા રહ્યાં. અંધારામાં પણ અમારી આંખો મળી. થોડા વધુ નજીક આવીને તેઓ બોલ્યા: 'આપે જે કર્યું તે ઠીક કર્યું છે, પણ આપ એવી છાપ લઈને ન જશો કે એ બાળકની સંભાળ લેનાર અહીં કોઈ નથી. હું એ બાળકનો શિક્ષક છું અને હું એ બાળકની રમત છૂપાઈને જોઈ રહ્યો હતો.

આ બાળકને છાત્રાલયમાંથી સમુદ્ર તરફ દોડતો આવતો જોઈને તૂરત જ હું તેની પાછળ-પાછળ આવ્યો છું. મેં તેને રોક્યો નહીં કારણ મારે તેને આ અનુભવમાંથી પસાર થવા દેવો હતો. હું પોતે સારો તરવૈયો છું અને આ જોખમ વિશે જાગૃત છું. મુશ્કેલી ઊભી થાત તો જાનના જોખમે પણ હું તેને બચાવી લેત. મારી હાજરીને લીધે તે સલામત હતો... માત્ર સલામતીની દૃષ્ટિએ જોઈએ તો તમારું વલણ બરાબર છે, પણ જીવનમાં સલામતી જ સર્વસ્વ નથી. સલામતી જ જોઈએ તો પીંજરાનો પોપટ મુક્ત પંખી કરતાં વધુ સલામત છે, પણ તેની પાસે ઉડ્ડયનની સ્વતંત્રતા નથી. લાંબે ગાળે તે ઊડવાની ક્ષમતા પણ ગુમાવી બેસશે! અને જ્યાં ઉડ્ડયનની સ્વતંત્રતા નથી ત્યાં વિકાસ ક્યાંથી? અને વિકાસહીન જીવનમાં આનંદ શો? તમે તેને રોક્યો પણ બાળકને આમ પહેલે ડગલે રોકીશું તો તેને જીવનના ઉતાર-ચઢાવનો અનુભવ ક્યાંથી મળશે? આ સમુદ્ર, આ રેતી, આ મોજાં, આ આકાશ અને તેની સાથે બાળકની મુક્ત અને નિર્ભય રમત! એક બાળક માટે આ અનેરો અનુભવ છે. આવા રોમાંચક અનુભવમાંથી તૃપ્ત થઈને બહાર આવે તે જીવનવિકાસનો એક ભાગ છે. બૌદ્ધિક વિકાસ એકલો શા કામનો? હૃદયનો વિકાસ પણ થવો જોઈએ ને? હું છાત્રાલયમાં જઈને તેને સમજાવીશ કે આમ એકલા ન ભાગી નીકળાય, પણ મારે પહેલાં તો તેને રોકટોક વગરનો અનુભવ આપવો હતો!' હું મનોમન એ શિક્ષકને વંદન કી ઊઠ્યો. મને થયું કે મારી સદ્ભાવના સાચી પણ પેલા શિક્ષકનું સત્કર્મ સો ટચનું...' પરમની શોધમાં અધ્યાત્મ માર્ગે વળેલા તે શિક્ષક ભાણદેવજીનું લખેલું હતું એ પુસ્તક! સદ્ભાવના હશે તો સત્કર્મ થશે...**ભદ્રાયુ વછરાજાની સૌ. મુંબઈ સમાચાર.**

---

**હિંદુસ્તાન માટે મારી ચાહના જુદા પાયા પર રચાઈ છે. ભારત દેશમાં એવું બન્યું છે, કોઈ મોટો ભગીરથ પુરુષાર્થ કે મહાન માનવીય સિધ્ધિ માટે એક જ મહાપુરુષ પાકે છે અને અશક્ય લાગતું કાર્ય પોતાના અદ્ભૂત જીવન દૈવત વડે સિધ્ધ કરે છે. હિંદની આબોહવામાં જ કંઈક દિવ્ય પ્રતિભાના પરમાણુઓ જીવે છે કે જે તક મળતાં કોઈ મહર્ષિનાં જીવનમાં એકત્ર અને એકાગ્ર થઈને અનન્ય દિવ્ય શક્તિનું નિર્માણ કરે છે. (પર્લ બર્ક), 'અમાસથી પુનમ ભણી' કિસન ચાવડા.**

---

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ-૪૦૦ ૦૬૪.**
**મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧ થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

ગોરક્ષા પાત્ર
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,